**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૬ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૭ ટકા ● સાંજે ૨૧ ટકા

# શહેરમાં કડી કેમ્પસની અનોખી સેવા

## સેક્ટર-૨૩ ખાતેના સેલ્ટર હોમમાં ૨૦૦ શ્રમિકો માટે ભોજન અને સિવિલના ડોકટરોને રહેવા માટેની ઉમદા સુવિધામાં અગ્રેસર કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ

ગાંધીનગર, તા.૧૩

કર ભલા તો હોગા ભલા'ના ઉમદા અભિગમ સાથે ગાંધીનગર



શહેરમાં શિક્ષણની જયોત પ્રજવલિત કરનાર કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા વર્તમાન લોક ડાઉન પરિસ્થિતિમાં ગાંધીનગરના ૫૦૦થી વધુ જરૂરિયાત મંદ ગરીબ પરિવારના સભ્યોની જઠરાગ્નિ ઠારવાનું પણ ઉમદા કાર્ય કરવામાં આવી રહ્યું છે.

ગાંધીનગર કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના શ્રી નિખીલભાઈ પટેલે જણાવ્યું હતું કે, અમારા મંડળના ચેરમેન શ્રી વલ્લભાઈ પટેલ ( સરદારભાઈ) ના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર સેવાકીય કામગીરી કરવામાં આવી રહી છે. કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના એલ.ડી.આર.પી. સંકુલ ખાતેથી નિયમિત રીતે સવાર-સાંજનું ૫૦૦ વ્યક્તિઓ માટેનું ભોજન તૈયાર કરવામાં આવે છે. આ ભોજન મોટા વાસણોમાં ભરીને ગાંધીનગરના સેકટર-૩માં આવેલા સાંઈબાબા મંદિર અને સેકટર-૪ નજીકના હળમતિયા વિસ્તારમાં રહેતા ગરીબ પરિવારોને પહોંચતું કરવામાં આવે છે.

### કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા ઘઉંનો લોટ, ચણા, ચોખા, તેલ, ચા,ખાંડ, મરચું અને હળદર મળીને એક કિટ્સ એવી ૪૬૦ થી વધુ કિટ્સનું વિતરણ ગરીબ પરિવારોને કરાયું

આ બન્ને જગ્યાએથી ગાંધીનગરના કેપિટલ ક્રિએટિવ ગૃપ અને સહિયર ગૃપના સહયોગથી આ ભોજનની વિતરણ વ્યવસ્થા કરવામાં આવે છે. હળમતિયા ખાતે આવેલા આ સેવાકીય કાર્યની મુલાકાત દરમ્યાન શહેરના અગ્રણી અને સહિયર ગૃપના શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગાંધીનગરની કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ થકી આ તમામ ભોજન તા.૨૭મી માર્ચથી નિયમિત રીતે અહી આવે છે. અહી આ બન્ને ગૃપના સક્રિય સભ્યો દ્વારા ગરીબ પરિવારોને વિતરણ કરવાનું સુચારું આયોજન કરવામાં આવે છે. આ બન્ને સ્થળે સરકારના નિયમોનુસાર ભોજનના વિતરણ દરમ્યાન સોશિયલ ડિસ્ટન્ટ જાળવવામાં આવે છે.

તે ઉપરાંત ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર ખાતે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સેકટર-૨૩ ખાતે આવેલી તેમની હોસ્ટેલમાં ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર સાથે રહીને સેલ્ટર હોમ બનાવવામાં આવ્યું છે. જયાં અત્યારે અંદાજીત ૨૦૦ જેટલા શ્રમિકો રહી રહ્યાં છે. તેમને સવાર-બપોર ચા – નાસ્તા સાથે સાથે બન્ને ટાઈમ ભોજન પણ આપવામાં આવે છે. તેની સાથે ગાંધીનગર સિવીલ હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા ડૉકટરોને રહેવા માટે આ સંસ્થા દ્વારા નિસર્ગ કોલેજમાં અલાયદા રૂમોની વ્યવસ્થા કરવામાં આવી છે. તે ઉપરાંત ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં જરૂરિયાત મંદોને કિટ્સ આપવામાં આવી રહી છે. આ કિટ્સમાં ૫ કિલો ઘઉંનો લોટ, ૫૦૦ ગ્રામ ચણા, ૨ કિલો ચોખા, ૫૦૦ ગ્રામ તેલ, ૨૦૦ ગ્રામ ચા, ૧ કિલો ખાંડ, ૨૦૦ ગ્રામ મરચું અને ૧૦૦ ગ્રામ હળદર મળીને એક કિટ્સ તૈયાર કરવામાં આવી છે. અત્યાર સુધી આવી ૪૦૦ કિટ્સ ગ્રામ્ય અને ૬૦ કિટ્સ શહેરી વિસ્તારમાં વિતરણ કરવામાં આવી છે.

# ભાટ પાસે અમદાવાદ ફરજ પર જતા પીએસઆઈને અકસ્માત નડયો

**બાઈક-ટેમ્પા વચ્ચે અકસ્માતમાં પીએસઆઈ ઈજાગ્રસ્ત**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર-ઈન્દીરા બ્રિજ માર્ગ પર મધર ડેરી પાસે ટેમ્પો ચાલકે બાઈકને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં બાઈક પરથી નીચે પટકાતા પીએસઆઈને ઈજા પહોંચી હતી. અમદાવાદ ખાતે ફરજ પર જઈ રહ્યા હતા તે સમયે પીએસઆઈને અકસ્માત નડ્યો હતો.બનાવ અંગે અડાલજ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૭ સી ખાતે રહેતા વિજયસિંહ ગોહિલ અમદાવાદ શાહીબાગ પોલીસ મથકમાં પીએસઆઈ તરીકે ફરજ બજાવે છે. તેઓ સવારના સુમારે બાઈક લઈને ગાંધીનગર થી અમદાવાદ ફરજ પર જઈ રહ્યા હતા તે સમયે ભાટ પાસે ત્રણે પૈંડાવાળા ટેમ્પા ચાલકે બાઈકને ટક્કર મારી હતી. જેમાં બાઈક સાથે માર્ગ પર પટકાયેલા પોલીસ જવાનને જમણા ખભા પર તેમજ છાતીની જમણી બાજુએ પાસળીઓના ભાગે ફ્રેકચર થયું હતું. આ સમયે પાછળ આવી રહેલા શાહીબાગ પોલીસ મથકના અન્ય એક જવાન ઘાયલ પીએસઆઈને ખાનગી વાહનમાં સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. ઈજાગ્રસ્ત પીએસઆઈએ જી.જે.૦૧.ટી.એફ.-૪૨૩૦ નંબરના ટેમ્પા ચાલક સામે અડાલજ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# શહેરમાં રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરવા સહિયર ગૃપ દ્વારા ઉકાળાનું વિના મૂલ્યે વિતરણ





ગાંધીનગર, તા.૧૩

સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસનો હાહાકાર છે, ત્યારે ગાંધીનગર શહેરીજનોની રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરવા માટે કેપિટલ ક્રિએટિગ ગૃપ અને સહિયર ગૃપ દ્વારા ઉકાળો બનાવી પીવડાવવાની અલાયદા વ્યવસ્થા કરવામાં આવી છે. ગાંધીનગરના જરૂરિયાત મંદ ગરીબ પરિવારોને કિટ્સ વિતરણ કરવાનું પણ કામ આ સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યું છે.

ગાંધીનગર સહિયર ગૃપના શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ' આ બન્ને સંસ્થાઓ દ્વારા ગાંધીનગર શહેરના વિવિધ સેકટરોમાં જઈ આ ઉકાળો બનાવવામાં આવે છે. ત્યાં રહેતા રહીશોને આ રોગપ્રતિકારક શક્તિ વધારવા ઉકાળો પીવડાવવામાં આવે છે. આ ઉકાળો બનાવવા માટે અમારા બન્ને ગૃપના સભ્યો નક્કી થયેલા સ્થળે પહોંચી જાય છે. ત્યાં જ બનાવી આસપાસના રહીશોને પીવડાવે છે. નિયમિત રીતે હાલમાં એક સેકટરના એક વિભાગના ૫૦૦ જેટલા માણસોને આ ગરમ ગરમ ઉકાળો પીવડાવવામાં આવી રહ્યો છે. અત્યાર સુધીમાં સેકટર-૨,૩ અને ૪ ના એ,બી,સી. અને ડી વિભાગમાં આ ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું છે. છેલ્લા બે દિવસ થી ગાંધીનગરના સેકટર-૭ માં આ ઉકાળો બનાવી વિતરણ કરવામાં આવી રહ્યો છે.

આ ઉકાળામાં સરળતાથી પ્રાપ્ત થાય તેવી સરગવો, લીમડાનો ગળો, ગોળ, તુલસીના પાન, સૂકી મેથી પાઉડર, સંચર પાઉડર, લવીંગ, મરી, હળદર, અજમો, આદુ, લીબું અને ફૂદીનો જેવી વસ્તુઓ નાખીને બરાબર ઉકાળવામાં આવે છે. એક ધાર કરીને આ નવશેકો ઉકાળો પીવાથી શરીર રોગપ્રતિકારક શક્તિ વધે છે. આ ઉકાળો તમામ સેકટરના વાસીઓને વિના મૂલ્યે આપવામાં આવે છે.

તે ઉપરાંત આ બન્ને ગૃપ દ્વારા ગાંધીનગર શહેરમાં જરૂરિયાત મંદ ગરીબ પરિવારોને કિટ્સનું વિતરણ કરવામાં આવે છે. એક કિટ્સમાં ૩ કિલો ઘંઉનો લોટ, ૧ કિલો ચોખા, ૧ કિલો દાળ અને ૧ કિલો તેલ મુકવામાં આવે છે. અત્યાર સુધીમાં આવી ગાંધીનગર શહેરના ૩૦૦ જેટલી કિટ્સનું શ્રમિકો અને ગરીબ પરિવારને વિતરણ કરવામાં આવી છે. હજુ આવી ૫૦૦ કિટ્સ તૈયાર કરવાની કામગીરી ચાલું છે. જે જરૂરિયાત મંદો હશે, તેમને અમારા ગૃપના સભ્યો દ્વારા ચોકસાઈ કરીને આપવામાં આવે છે.

આ ઉમદા કાર્યમાં ઈફકોના શ્રી પરેશ પટેલ સહિત સહિયર ગૃપ અને કેપિટલ ક્રિએટિવ ગૃપના મુકેશ મારૂ, અશ્વિન સુહાની, શ્રી એચ.એમ.વાઘેલા સહિત અનેક મિત્રો કામ કરી રહ્યાં છે. સલામ છે આ સેવાભાવી સેવકોને

# ઈસનપુર જતા માર્ગ પર ખેતરમાં ટ્રેકટરનું પૈડું આધેડના શરીર પર ફરી વળતા મૃત્યુ

ગાંધીનગર, તા.૧૩

ચિલોડા થી ઈસનપુર તરફ જતા માર્ગ પર આવેલા ખેતરની અંદર ટ્રેકટરનું પૈડું પેટ પર ફરી વળતા આધેડનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયુ હતું. ખેતરમાં થ્રેસરના છાયડામાં આધેડ બેઠા હતા તે સમયે ખેડુતે ટ્રેકટર રિવર્સ લેતા આ દુર્ઘટના સર્જાઈ હતી. બનાવ અંગે મૃતકના દિકરાની ફરીયાદ નોંધી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ મોટા ચિલોડા ખાતે રહેતા અંબાલાલ વિસાજી ઠાકોર થ્રેસરથી ઘઉં કાઢી આપવાની કામગીરી કરતા હતા.ગત તા.૧૦ એપ્રિલના રોજ તેઓ રવિભાઈ રણછોડભાઈ પટેલના ખેતરમાં ઘઉં કાઢવા માટે ગયા હતા. ખેતરમાં અડધુ કામ કર્યા પછી વધુ પવન હોવાથી તેઓએ ૪ વાગે થ્રેસર બંધ કરીને નજીકમાં ઘઉં ભરેલી ટ્રોલીના છાયડામાં બેઠા હતા. આ સમયે ખેડુત રવિભાઈએ પાછળ જોયા વિના જ ટ્રેકટર રિવર્સ લેતા ટાયર અંબાલાલના પેટ પર ફરી વળતા ગંભીર ઈજાને પગલે તેઓને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. ત્યાંથી વધુ ગંભીર ઈજાને પગલે વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખસેડાયા હતા. જયાં સારવાર દરમિયાન તેમનું મૃત્યું નિપજયુ હતું. બનાવ અંગે મૃતકના પુત્ર પશાજી ઠાકોર ચિલોડા પોલીસ મથકે નોંધાવેલી ફરીયાદને પગલે ચિલોડા પોલીસે ખેડુત રવિભાઈ રણછોડભાઈ પટેલ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




ગાંધીનગરમાં કોરોનાની પરિસ્થિતિ પ્રમાણમાં કાબુમાં રહી છે. લોકડાઉનના સમયમાં શહેરે ખૂબ જ સંયમ દાખવ્યો છે. લોકડાઉનમાં ઘણા દિવસો પસાર કર્યા બાદ શહેરીજનો સવાર-સાંજ ખરીદી કરવા ઘરની બહાર નીકળે છે. જોકે ખરીદી સમયે ભીડ એકત્ર થતી હોવાથી પોલીસે કડક વલણ અપનાવ્યુ છે. પોલીસે સેક્ટર-૨૧ શાકમાર્કેટ તથા અહીં આવેલી કરીયાણાની દુકાનો બંધ કરવા અપીલ કરી હતી.

# બેંક ઓફ ઈન્ડીયા ગાંધીનગરના એસસી, એસટી ઓબીસી કર્મચારી એસોસિએશન દ્વારા શહેરના શ્રમિકોને ભોજન



ગાંધીનગર, તા.૧૩

કોરોનાના કહેરને લઈ લોકડાઉનની પરિસ્થિતિ સર્જાઈ છે. ત્યારે પાટનગરમાં લોકડાઉન વચ્ચે કેટલાક શ્રમિકોની હાલત કફોડી બની જવા પામી છે. ત્યારે શહેરના શ્રમિકોની વ્હારે શહેરની અનેક સેવાકીય સંસ્થાઓ સામે આવી છે. જે દરરોજ સવાર સાંજ શ્રમિકોને ભોજન, અનાજની કીટ અને નાસ્તા સહિતની સેવાઓ પુરી પાડે છે. ત્યારે ગાંધીનગર ખાતે આવેલ બેંક ઓફ ઈન્ડીયા એસસી, એસટી,ઓબીસીની એમ્પલોયઝ એસોસિએશનના સભ્યોએ સેવામાં સહભાગી બનીને ઉદાર હાથે ફાળો આપતા છેલ્લા ૧૦ દિવસથી ગરીબ, અને જરુરીયાતમંદ નાગરીકોને પુરી-શાક, પુલાવ, સુખડી સહિતની ચીજવસ્તુઓ બનાવી આપવામાં આવતી હતી. જયારે તા.૧૧ ના રોજ જયોતિબા ફુલેની જન્મજયંતિ નિમિતે એસોસિએશન દ્વારા ૫૦૦ દુધની થેલી અને ૮૦ કિલો સુખડી વિવિધ વિસ્તારમાં જઈને શ્રમિકોને આપવામાં આવી હતી.બેંક કર્મચારીઓએ સામાજીક સેવામાં સહભાગી બની ઉમદા ઉદાહરણ પુરુ પાડ્યું છે. બેંક ઓફ ઈન્ડીયા એસસી, એસટી, ઓબીસી કર્મચારી એસોસિએશન ગાંધીનગર ટીમના સભ્યો નિતીરાજ સુતરીયા, બી.જે.મેવાસી, અમિત મકવાણા, ગૌરાંગ સોલંકી અને પથિક પટેલે ઉમદા કામગીરી બજાવી હતી.

# એપીએલ-૧ કાર્ડ રિન્યુ ના કરાવ્યું હોય તેવા ગ્રાહકોનો ધરમ ધક્કા

**આજથી એપીએલ-૧ કાર્ડ પર શરૂ થયેલા મફત અનાજ વિતરણમાં બારકોડ વગરના કાર્ડધારકો અવઢવમાં મુકાયા**

ગાંધીનગર, તા. ૧૩

આજથી ગાંધીનગરમાં એપીએલ-૧ કાર્ડધારકોને સરકાર દ્વારા વિનામૂલ્યે અનાજ વિતરણનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ માટે કાર્ડધારકના નંબરના છેલ્લાં આંક મુજબ અલગ અલગ દિવસોની ફાળવણી કરવામાં આવી છે જેથી એક સાથે ભીડ જમા ના થાય અને સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાઈ રહે. જો કે એપીએલ-૧ કાર્ડ પર અત્યાર સુધી મીઠું અને કેરોસીનને જ મળવા પાત્ર હતા તેથી અનેક ગ્રાહકો તેનો ઉપયોગ જ નહોતા કરતા અને જેના કારણે કેટલાંક ગ્રાહકોએ તો લાંબા સમયથી કાર્ડનો ઉયોગ ના હોવાને કારણે નવા બાર કોર્ડીંગવાળા કાર્ડ કઢાવ્યાં ના હોય તેવી સ્થિતિ પણ જોવા મળી રહી છે.

આવા બારકોડ અને નવા નંબર વગરના ગ્રાહકો પોતાનું રેશનકાર્ડ લઈને અનાજ વિતરણની દુકાનો પહોંચ્યા હતા પરંતુ તેવા ગ્રાહકોને દુકાનધારકે ''આ કાર્ડ નહી ચાલે તમારે નવું કાર્ડ કઢાવવું પડશે'' તેવું કહી દેતા આ ગ્રાહકો અવઢવમાં મુકાયા હતા કે હવે તાત્કાલિક નવું કાર્ડ કઢાવવા ક્યાં જવું અને એ કાર્ડ કઢાવી લે તો ત્યાં સુધીમાં આ પુરવઠો તેમને મળશે કે કેમ તેવા સવાલો પણ ઉભા થવા પામ્યાં હતા. આ પ્રકારના ગ્રાહકો અનાજનીદુકાને ધરમધક્કા ખાઈ રહ્યાં છે.

## ચિલોડામાં અન્ન બ્રહ્મ ભોજન હેઠળ અનાજની કીટનું વિતરણ કરાયુ



કોરોના વાયરસના કારણે લોકડાઉન લાગુ પડતાં ધંધા-રોજગાર સાવ ઠપ્પ થઈ ગયા છે. પરપ્રાંતિય નાના કારીગરો-લારી-ગલ્લાધારકો-પાથરણાવાળા જેવા અનેક ગરીબ પરિવારો માટે પોતાનું પેટ ભરવાનો પ્રશ્ન વિકટ બન્યો છે. સરકારે આવા લોકો માટે અન્ન બ્રહ્મયોજના અંતર્ગત ફુડબાસ્કેટ વિના મુલ્યે આપવાનો નિર્ણય કર્યો હતો. જિલ્લામાં સર્વે કરાયા બાદ તેના આધારે વિતરણ શરૂ કર્યુ છે. ચિલોડા ગામમાં જરૂરિયાતમંદ લાભાર્થીઓને દરેક કુટુંબમાં વ્યક્તિદીઠ સાડા ત્રણ કિલો ઘઉં, દોઢ કિલો ચોખા, કુટુંબદીઠ ૧ કિલોદાળ-મીઠુ-ખાંડનું વિતરણ હાથ ધરાયુ હતુ. ૨૧ દિવસ લાંબા લોકડાઉનમાં રેશનકાર્ડ ન હોય તેવા પરિવારો મુશ્કેલીમાં ન મુકાય તેવા હેતુસર નિરાધાર પરિવારો લોકોને અન્ન બ્રહ્મયોજના હેઠળ સમાવેશ કરવામાં આવ્યો હતો.

# વેપારીઓ અને બિન જરુરી ફરતા ૫૫ શખ્સોને પોલીસે દબોચી લીધા

ગાંધીનગર,તા.૧૩

ગાંધીનગર શહેરમાં લોકડાઉન વચ્ચે બિન જરુરી આંટાફેરા મારતા અને ગુટખાનું વેચાણ કરતા ૫૫ નાગરીકો સામે પોલીસે જાહેરનામાં ભંગનો ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી કરી છે. પોલીસે પેટ્રોલીંગ સમયે વિવિધ સ્થાનો પરથી લોક ડાઉનમાં કામ વિના ફરતા રાંધેજા ચોકડીથી ઈકો ગાડીમાંથી ત્રણ ઝડપાયા હતા. જયારે ઈન્દ્રોડા ગામથી સુરેશ કાળાભાઈ રાવળ, કલ્પેશ મેલાભાઈ રાવળ, આશિષ મેલાભાઈ રાવળ, તો બીજીતરફ આદીવાડા ગામથી શૈલેષભાઈ ગનીભાઈ દંતાણી, ભાટ પાસે રહેતા નિતિન હસમુખ પટેલ, દશેલાના રૂપેશ કાંતિભાઈ પંચાલ, પેથાપુર સંજરી પાર્ક-૨ ખાતેથી શાહરુખ અકબરભાઈ મનસુરી, તેમજ વાસણ ગામના અજીતસિંહ લક્ષ્મણસિંહ વાઘેલા ગુટખાનું વેચાણ કરતા પોલીસના હાથે પકડાઈ ગયા હતા.સેકટર-૨૧ ખાતે ટેમ્પામા એસીડ, ફીનાઈલ સાવરણી સહિતની ચીજવસ્તુનું વેચાણ કરતા પિયુષ રમેશભાઈ પરમાર સામે પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો છે. જયારે પોલીસે શહેરમાંથી સેકટર-૧૫ નજીક ફતેપુરા થી ૪, સે-૨૯ થી ૧, રૂપાલ વિવિધ સ્થાનો પરથી ૭, ઉનાવાથી ૪, સોનીપુરથી ૩, પેથાપુરથી ૨, રાંદેસણથી ૪, રાયપુરથી ૨, રણાસણ સર્કલથી ૨, કુડાસણ ગામથી ૨, ખોરજથી ૧, મગોડી વિવિધ જગ્યાએથી ૮, દોલારાણા વાસણાથી ૬ ઈસમોને કામ વિના ફરતા તમામ સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધ્યો છે.

# લોકડાઉન બાદ ઘરકામ કરનારાઓને પ્રવેશ મળશે કે નહીં ?

લોક ડાઉન નો સમય ૧૪ એપ્રિલ એટલે કે આજે પૂર્ણ થઈ રહ્યો છે નરેન્દ્ર મોદીજી ના નિર્ણયની સૌ કોઈ રાહ જોઈ રહ્યા છે ત્યારે દરેકને પોતપોતાના ક્ષેત્રે પરત ફરવા મળશે કે નહીં તેને જાણવાની ઉત્સુકતા છે શાળા, કોલેજ, ધંધો, નોકરી હવે શરૂ કરી શકાશે કે નહીં તે નિર્ણયની રાહ જોવાઈ રહી છે ત્યારે શહેરમાં આ બાબતે સૌથી વધુ ચિંતિત ગૃહિણી અને ઘર કામ કરનારા છે આટલા દિવસ ઘરનું બધું જ કામ કરીને ગૃહિણીઓ હવે કંટાળી ગઈ છે ઘરમાં કામ કરવા આવનાર પાસે અડધું કામ કરાવી ગૃહિણીઓ ઘર ચલાવી રહી હતી પરંતુ કોરોનાવાયરસ ના લીધે કામ કરવા આવનાર તમામને રજા આપી દેવામાં આવી છે અમુક તો તેમના વતન પરત ફરી ગયા છે અને જેઓ ગાંધીનગર તથા આસપાસના ગામડામાંથી આવે છે તેમને હાલ ઘરની બહાર નીકળવાની મનાઈ ફરમાવવામાં આવી છે.



ઘર કામ કરનારાઓનું કહેવું છે કે, અમને ઘરે ઘરે જાય કચરા પોતુ વાસણ પર ઝપટ રસોઈ બનાવવાની હવે આદત પડી ગઈ છે. ઘરે બેસીને સમય જતો નથી અને રોજગારી પણ હાલ મળતી નથી તેના કરતાં જો અમને કામ કરવા જવા દેવામાં આવે તો મારો સમય તો પસાર થાય અમે ઘરની બહાર જ નથી નીકળતા તો કોરોના થવાનો ભય અમને તો છે નહીં.

લોકડાઉનને ધ્યાનમાં લઈને શહેરની અમુક સોસાયટીઓના ગેટને સ્વૈચ્છિક બંધ કરી દેવામાં આવ્યા છે જ્યાં સોસાયટી બહાર કોઈ કામ વગર જઈ શકતું નથી અને બહારનું કોઈ પ્રવેશ કરી શકતું નથી સાથે ઘરકામ કરનારાઓ માટે પણ પ્રવેશ નિષેધ છે આ બાબતે અમુક ગૃહિણીઓ માને છે કે બહારથી કોઈને જવા-આવવા ન દેવા જોઈએ તે બાબતને સમર્થન આપતા ઘરકામ કરનારાઓને હાલ એન્ટ્રી ના આપવી જોઈએ અને અમુક પરિવાર તથા ગૃહિણી માને છે કે આ લોકડાઉન બાદ ઘરકામ કરનારાઓને પ્રવેશ આપવો. કારણ કે આ સમયમાં ઘરનું બધું જ કામ કરીને તેઓ કંટાળી ગઈ છે. હવે જાણવું રહ્યું કે, શહેરના સેક્ટરોની સોસાયટીઓમાં ઘરકામ કરનારાઓને પ્રવેશ મળશે કે પછી અમુક ગૃહિણીઓની જડતા કે ઘરકામ કરનારાઓને પ્રવેશ નહીં આપીએ તેને લીધે જેને ખરેખર ઘરકામ કરનારાઓ ની જરૂર છે તે પણ વંચિત રહેશે?

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

## ચિરવિદાય

- યુવરાજ બિપીનભાઈ વર્મા - ઉ.વ. ૫
- કાવ્યા બિપીનભાઈ વર્મા - ઉ.વ. ૩
- ડાહીદેવી ભોપાલાલસિંહ હુબંડ - ઉ.વ. ૫૫
- જબારસિંહ છોગસિંહ પુરોહિત- ઉ.વ. ૫૮